નં. લાયસન્સ/સારથી ૪.૦/શિ.લા/ઓન/ 7447
વાહન વ્યવહાર કમિશનરની
બ્લોક નં.-૬, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.
તારીખઃ-
29 SEP 2020

પ્રતિ,
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
તમામ.

વિષયઃ- સારથી ૪.૦ માં શિખાઉ લાયસન્સ ઇસ્યુ કરવા બાબત.

સારથી ૪.૦ માં શિખાઉ લાયસન્સ ઇસ્યુ થયા બાદ છ મહિના પછી જુના શિખાઉ લાયસન્સની વિગતો/સંદર્ભ આપી નવું શિખાઉ લાયસન્સ મેળવવા માટે અરજી (Issue of LL Expired Class of Vehicle) થકી ઇસ્યુ થતા શિખાઉ લાયસન્સને ગ્રાહય ન રાખવા બાબતની બે થી ત્રણ આરટીઓ કચેરીથી ફરીયાદ મળેલ છે.

નવા શિખાઉ લાયસન્સ અને ડ્રાઇવીંગ લાયસન્સ ની અરજી માટેની ફી ભર્યા બાદ બે Scenario સર્જાય છે.

(અ) અરજદાર ફી ભર્યા તારીખથી એક વર્ષના સમયગાળામાં આરટીઓ/આઇ.ટી.આઇ/સરકારી પોલીટેકનીક કચેરીએ દસ્તાવેજ ચકાસણી કરાવી શિખાઉ લાયસન્સ મેળવે છે.

ઉપરોકત (અ) ના કિસ્સામાં શિખાઉ લાયસન્સ ઇસ્યુ થયાના છ મહિના પછી સ્માર્ટકાર્ડ ફી, નવા ડ્રાઇવીંગ લાયસન્સ માટેની અરજી ફી પુનઃ ભરવાની રહેતી નથી. જે કિસ્સામાં અરજદારે એકપણ વાર ડ્રાઇવીંગ ટેસ્ટ આપ્યો નથી તેવા કિસ્સામાં ડ્રાઇવીંગ ટેસ્ટ ફી પણ પુનઃ ભરવાની રહેતી નથી તથા ડ્રાઇવીંગ રી-ટેસ્ટના કિસ્સામાં ડ્રાઇવીંગ રી-ટેસ્ટ ફી ભરવાની રહે છે.

શિખાઉ લાયસન્સની વેલીડીટી છ માસ પૂર્ણ થયા બાદ પુનઃ શિખાઉ લાયસન્સ ઇસ્યુ કરવા નીચે મુજબની પધ્ધતિ અપનાવવા જણાવવામાં આવે છે.

Scanned with CamScanner

(૧) અરજદારે પુન: શિખાઉ લાયસન્સ મેળવવા માટે parivahan.gov.in પર issue of LL for Expired Class of vehicle પસંદ કરી જુના શિખાઉ લાયસન્સ નો સંદર્ભ આપી કાર્યવાહી કરવાની રહેશે. તથા અરજદારે શિખાઉ લાયસન્સ પુરતી ફી (પ્રતિ ક્લાસ ઓફ વ્હિકલ) ભરવાની રહેશે.

(૨) આર.ટી.ઓ. કક્ષાએ દસ્તાવેજ ચકાસણી કરાવ્યા બાદ શિખાઉ લાયસન્સ મેળવવાનું રહેશે. અને શિખાઉ લાયસન્સની પુન: પરીક્ષા આપવાની રહેતી નથી.

(૩) ત્યારબાદ અરજદારે લાગું પડતું હોય તો ડ્રાઈવીંગ રી-ટેસ્ટ ફી(પ્રતિ ક્લાસ ઓફ વ્હિકલ) ભરી ડ્રાઈવીંગ ટેસ્ટ માટેની અપોઇંટમેંટ મેળવી ડ્રાઈવીંગ ટેસ્ટ આપવાનો રહેશે.

(બ) અરજદાર ફી ભર્યા તારીખથી એક વર્ષના સમયગાળામાં દસ્તાવેજ ચકાસણી માટે આરટીઓ/આઇ.ટી.આઇ/સરકારી પોલીટેકનીક કચેરીની મુલાકાત ન લે તેવા કિસ્સામાં સંપૂર્ણ ફી પુનઃ ભરવાની રહેશે.

તેથી નવા શિખાઉ અને ડ્રાઈવીંગ લાયસન્સ સંબંધીત સેવાના કિસ્સામાં સારથી-૪.૦ માં પુન: શિખાઉ લાયસન્સ ઇસ્યુ કરવા ઉપરોક્ત પદ્ધતિ અનુસાર કાર્યવાહી કરવા આથી તમામને જણાવવામાં આવે છે. અરજદારો ના માર્ગદર્શન હેતુ પ્રોસેસ ફ્લો આ સાથે સામેલ છે.

નોંધ પર માન. કમિશનરશ્રીના આદેશાનુસાર.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશનરની કચેરી
ગુજરાત રાજય, ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના:-</u>

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી, વાહન વ્યવહાર, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગરને ધ્યાને મૂકવા.
- અંગત સચિવશ્રી, માન. રાજયકક્ષાના મંત્રીશ્રી, વાહન વ્યવહાર, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગરને ધ્યાને મૂકવા.
- અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.-૨, ૮મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

Scanned with CamScanner